સુવિચાર : લોકો તમારું મૂલ્યાંકન તમારી યોગ્યતાના સંદર્ભે નથી કરતાં, પણ પોતાની જરૂરિયાતના સંદર્ભે કરે છે - નેપોલિયન બોનાપાર્ટ

**તાપમાન**
મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૭ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૧૨ | ૨૩ જાન્યુઆરી, ૨૦૧૬, શનિવાર ; પોષ સુદ - ૧૪/૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- હુમલાની દહેશતની વચ્ચે વ્યાપક દરોડા : ૧૩ શકમંદોની ધરપકડ
- મોદીએ ૬૩ મંત્રી પાસે રિપોર્ટ કાર્ડ માંગ્યા : ૨૭મીએ મિટિંગ
- દલિતોના કલ્યાણ માટે કેન્દ્ર સંપૂર્ણ કટિબદ્ધ : નરેન્દ્ર મોદી
- મંત્રી શાહનવાઝ હુસૈનને મળેલો ધમકીભર્યો લેટર
- બજેટ બાદ જેટલીને સંરક્ષણ વિભાગમાં ખસેડાશે : રિપોર્ટ
- ઓસ્ટ્રેલિયા સામે છેલ્લી મેચ જીતવા ભારત લડાયક મુડમાં
- મોદી ટીમ અમિત શાહ માટે આજે ડીનર યોજશે
- બજેટ પહેલા પેટ્રોલ, ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટી ફરી વધારાશે
- સેંસેક્સ ૪૭૩ પોઇન્ટ સુધરી થઇને બંધ

# કારગિલમાં માઈનસ ૧૬.૪ તાપમાન

**ઉત્તર ભારત ઠંડુગાર : લેહમાં માઈનસ ૧૬.૨, પહેલગામમાં માઈનસ ૬.૯ તાપમાન : ગુલમર્ગમાં પણ કાતિલ ઠંડીથી પ્રવાસીઓ મુશ્કેલીમાં : ઉત્તર ભારતમાં ઠંડી વચ્ચે ધુમ્મસની ચાદર : ૩૫ ટ્રેનોને રદ કરાઈ : વિમાની સેવા પણ ખોરવાઈ**



નવી દિલ્હી,તા. ૨૨

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. દેશના કેટલાક ભાગોમાં માઈનસમાં તાપમાન પહોંચી ગયુ છે. બીજી બાજુ રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાઈ જતા વાહનવ્યવહાર અને ટ્રેન સેવા પર માઠી અસર થઈ હતી. ધુમ્મસના પરિણામ સ્વરુપે ઉત્તર ભારતમાં ૩૫ ટ્રેનો રદ કરવામાં આવી છે જ્યારે ૧૪ ટ્રેનો મોડેથી દોડી રહી છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાનમાં ધુમ્મસની ચાદર રહી હતી. વિમાની સેવાને પણ માઠી અસર થઈ હતી. આજે સવારે દિલ્હીમાં ધુમ્મસની ચાદર રહી હતી. જેથી લોકોને વાહન વ્યવહારમાં મુશ્કેલી નડી હતી. કેટલીક જગ્યાએ નાના મોટા અકસ્માત પણ થયા હતા.

વિઝિબિલિટી ઘટી જવાના કારણે અનેક ટ્રેનો મોડેથી દોડી રહી છે. બીજી બાજુ ફ્લાઈટ ઓપરેશનને પણ અસર થઈ હતી. દિલ્હીમાં પણ ગઈકાલે તાપમાન નોંધપાત્રરીતે ઘટી ગયુ હતુ. આજે સવારે ધુમ્મસના કારણે દિલ્હીથી દોડતી આશરે ૨૫ ટ્રેનોને મુશ્કેલી નડી હતી. જેથી હજારોની સંખ્યામાં યાત્રીઓ અટવાઈ પડ્યા હતા. કુલ ૮૨ ટ્રેનોની અવર જવર પર અસર થઈ હતી. સવારે છ વાગ્યાની આસપાસ ટ્રેનોની

● અનુસંધાન પાન-૭ પર

# રોહિતની આત્મહત્યા સંદર્ભે મોદી ભાવુક બન્યા

**મદર ઈન્ડિયાએ પોતાના પુત્રને ગુમાવ્યો છે : રાજનીતિની રમત વચ્ચે મોદીનું ભાવનાશીલ નિવેદન : દેખાવો જારી**



નવી દિલ્હી,તા. ૨૨

હૈદરાબાદ યુનિવર્સિટીના દલિત સ્કોલર રોહિત વેમુલાની આત્મહત્યાને લઈને છેડાયેલા વિવાદ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મૌન તોડ્યુ હતું અને કહ્યું હતુ કે, આ બનાવ ખુબ જ આઘાતજનક છે. મોદીએ આના માટે દુખ વ્યક્ત કર્યું હતું. બીજી બાજુ કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા વિરોધ પ્રદર્શન આજે પણ જારી રાખવામાં આવ્યું હતુ. ભાવનાશીલ બનેલા મોદીએ કહ્યું હતુ કે, જ્યારે દેશના એક યુવાનને આત્મહત્યા કરવાની ફરજ પડી છે તેવા સમાચાર સાંભળવા મળ્યા ત્યારે ખુબ જ આઘાત લાગ્યો હતો. મદર ઈન્ડિયાએ એક પુત્ર ગુમાવી દીધો છે.

● અનુસંધાન પાન-૭ પર

# પઠાણકોટ પર પુનઃ હુમલાનો ખતરો


**ગુમ થયેલી બે કારની માહિતી મળી નહીં : એસયુવી અને મારુતિ અલ્ટો કારની શોધખોળ : મારુતિ અલ્ટો કારનો ડ્રાઇવર મૃતહાલતમાં મળ્યા બાદ ચિંતામાં વધારો : દેશમાં એલર્ટની જાહેરાત**

નવી દિલ્હી,તા. ૨૨

પઠાણકોટના ત્રાસવાદી હુમલા વેળા લાપત્તા થયેલી કારે પ્રજાસત્તાક દિવસ પહેલા હુમલાની નવી દહેશત ઉભી કરી દીધી છે. પઠાણકોટ-૨ની કોઈ યોજના છે કે કેમ તેને લઈને સુરક્ષા સંસ્થાઓ તપાસમાં લાગેલી છે. આઈટીબીપીના અધિકારીની એસયુવી ગાડી હજુ લાપત્તા થયેલી છે જે અંગે કોઈ ભાળ મળી નથી. જ્યારે અન્ય એક કાર પણ લાપત્તા થયેલી છે. મારુતિ અલ્ટો કાર પણ ગુમ થઈ ગઈ છે. આ કાર પંજાબના પઠાણકોટથી ભાડે કરવામાં આવી હતી. આના લીધે સુરક્ષા સંસ્થાઓની ચિંતા વધી ગઈ છે. પઠાણકોટથી ત્રણ વણઓળખાયેલા લોકો દ્વારા સફેદ કલરની અલ્ટો ટેક્સી એચપી૦૧

● અનુસંધાન પાન-૭ પર

# શાસક-વિપક્ષ વચ્ચે સમતોલન જાળવવાની જવાબદારી અધ્યક્ષની હોય છે : સુમિત્રા મહાજન






**ગાંધીનગર ખાતે પ્રિસાઈડિંગ ઓફિસર્સ ઓફ લેજીસ્લેટિવ બોડિઝ ઈન ઈન્ડિયા કોન્ફરન્સનો પ્રારંભ કરાવતા લોકસભાના અધ્યક્ષા : વિપક્ષને બોલવાનો ચોક્કસ અધિકાર છે પરંતુ સરકારને પણ કામ કરવાનો રસ્તો મળવો જોઈએ : ભારતીય સંવિધાનના બંધુતા-સમાનતા મૂલ્યોનું જતન સદનની ચર્ચાઓમાં થાય : મુખ્યમંત્રી**

ગાંધીનગર, તા. ૨૨

લોકસભાના અધ્યક્ષા શ્રી સુમીત્રા મહાજને જણાવ્યું હતું કે લોકસભા-વિધાનસભા જેવી પ્રજાતંત્રીક સંસ્થાઓ પ્રત્યેની આસ્થાને જાળવી રાખવી તે આપણા સૌની ફરજ છે અને પ્રજાતંત્રીક મૂલ્યોને સુદૃઢ કર્યા સિવાય આ શક્ય બનશે નહી.

લોકસભાના અધ્યક્ષાએ આજથી ગાંધીનગર ખાતે શરૂ થયેલી 'પ્રિસાઈડીંગ ઓફિસર્સ ઓફ લેજીસ્લેટીવ બોડીઝ ઈન ઈન્ડિયા' કોન્ફરન્સનો ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવા, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સહિત દેશભરની વિધાનસભાઓ અને વિધાનપરિષદોના અધ્યક્ષો-ઉપાધ્યક્ષો-સચિવશ્રીઓની ઉપસ્થિતિમાં શુભારંભ કર્યો હતો.

લોકસભા અધ્યક્ષા શ્રી સુમીત્રા મહાજને જણાવ્યું હતું કે લોકસભા-વિધાનસભા એ માત્ર કાનૂનના નિર્માણ કરનાર સંસ્થાઓ જ નથી પરંતુ કામગીરી યોગ્ય રીતે થઈ રહી છે કે નહી તે અંગે દેખરેખ સંદર્ભે ચર્ચા કરનાર સંસ્થાઓ પણ છે. આ સંદર્ભે ચર્ચા કરનાર સંસ્થાઓ પણ છે. આ સંદર્ભે અધ્યક્ષની ભૂમિકા મહત્વની છે. રાજ્ય-કેન્દ્રમાં અલગ અલગ પક્ષોની સરકાર હોય છતાં પણ દેશ માટે વિકાસનું કાર્ય કરતા રહીશું તો લોકોનો વિશ્વાસ વધુ સંપાદન કરી શકીશું. પ્રજાતંત્રમાં લોકોનો વિશ્વાસ ઓછો ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.

તેમણે ઉમેર્યુ હતું કે લોકતાંત્રિક સંસ્થાઓના અધ્યક્ષોએ શાસક અને વિપક્ષ વચ્ચે સમતોલન રાખવાનું હોય છે. પ્રજાતંત્રીક સંસ્થાઓમાં ચર્ચા ખોટી દિશામાં થતી હોય તો તેને

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર જિલ્લામાં ૧૧,૨૩,૪૫૩ મતદારો

**૫,૮૦,૮૧૮ પુરૂષ અને ૫,૪૨,૬૨૨ મહિલા મતદારો : ચૂંટણી પંચ દ્વારા ૧-૧-૧૬ની સ્થિતિની મતદારયાદી પ્રસિદ્ધ કરાઈ**

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૩૫,૧૯૭ નવા મતદારો નોંધાયા છે. ગાંધીનગર જિલ્લાની ૧-૧-૧૬ની સ્થિતિએ આજે નવી મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૧,૨૩,૪૫૩ છે.

આજે પ્રસિદ્ધ કરાયેલ મતદારયાદીમાં ૫,૮૦,૮૧૮ પુરૂષ મતદારો અને ૫,૪૨,૬૨૨ મહિલા મતદારો છે. જિલ્લામાં સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ) બેઠક પર નોંધાયેલા છે જેની સંખ્યા ૨,૮૧,૮૪૫ છે.

● અનુસંધાન પાન-૭ પર

આપણાં શહેરની મધ્યમાં
આયુર્વેદીક દવાઓ
બધી જ પ્રખ્યાત આયુર્વેદીક કંપનીઓની દવાઓ મળશે
ZANDU Dabur Himalaya Baidyanath SANDU PATANJALI NAGARJUNA Charak
શ્રી ભુવનેશ્વરી ઔષધાશ્રમ
MNM WELL CARE
☎079-23241415
SUNDAY CLOSE
સેક્ટર-૬, ભુવનેશ્વર મહાદેવનાં મંદિરની સામે, ગાંધીનગર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82

## લક્ષ્ય

**MISSION PAY BACK TO THE SOCIETY**

**સ્પીકિંગ ઈંગ્લીશ, પર્સનાલિટી ડેવલપમેન્ટના તાલીમ વર્ગો બાબત**

નિવૃત્ત અને પ્રવૃત્ત સરકારી અધિકારીઓના સંગઠન 'લક્ષ્ય'ના ઉપક્રમે આગામી તારીખ : ૧/૨/૨૦૧૬થી 'લક્ષ્ય' કાર્યાલય, અટ્રીયા-બી, ૨જો માળ, સરગાસણ ચોકડી, ગાંધીનગર ખાતે રવિવાર સિવાય પ્રતિરોજ સાંજે ૬-૦૦ થી ૯-૦૦ સુધી ચાલે તેમ, સ્પીકિંગ ઇંગ્લીશ, પર્સનાલિટી ડેવલપમેન્ટના તાલીમવર્ગનું આયોજન થયેલ છે. આ તાલીમ વર્ગો માટે પ્રવેશ ફી રૂ. ૧૦૦૦/- (એક હજાર રૂ.) નિયત કરવામાં આવી છે. જેથી આ તાલીમ વર્ગમાં જોડાવા ઈચ્છતા યુવક-યુવતીઓ 'લક્ષ્ય' કાર્યાલય ખાતે સવારના ૯-૦૦ થી ૧૧-૦૦ સુધી (રવિવાર સિવાય) શ્રી અંકિત શાહ (મો. ૮૪૦૧૩ ૦૫૪૬૮)નો સંપર્ક કરી શકે છે. વધુ વિગતો માટે 'લક્ષ્ય' પ્રમુખ શ્રી એમ. બી. પરમાર, IAS (નિ.) (મો. ૯૮૨૫૦ ૩૧૩૮૩), શ્રી ડો. ડી. ડી. કાપડીયા GAS (મો. ૯૮૨૫૩ ૦૦૭૨૯) અને શ્રી નટુભાઈ પરમાર (નિ. સંયુક્ત માહિતી નિયામક) (મો. ૯૮૨૫૬ ૩૨૮૩૮)નો પણ સંપર્ક કરી શકાય છે.

SCHOOL OF ACHIEVER
Kudasan - Gandhinagar
Admissions Open
for the Academic Year 2016 - 17
From K.G. to Std.10
(English & Gujarati Medium - GSEB Affiliated)
For more details visit us on
www.schoolofachiever.org
Gandhinagar - Koba Highway, KUDASAN, Gandhinagar. Contact No : 9228008865 / 70, 7046099751